ખેડબ્રહ્મા-લક્ષ્મીપુરા માર્ગ બિસ્માર

ખેડબ્રહ્મામાંથી લક્ષ્મીપુરા જતા ભૃગુક્ષેત્રનું પવિત્ર શિવમંદિર આવેલ છે. જયાં કોમર્સ કોલેજ પણ આવેલ છે અને પૂર્વ દિશા તરફનો તમામ વાહન વ્યવહાર આ માર્ગ પર નિર્ભર છે. જયાં હજારોની સંખ્યામાં લોકો અવર જવર કરે છે. લક્ષ્મીપુરા ચાર રસ્તા ઉપર ટ્રાફિકનો કોઈ અંકુશ નથી. આડેધડ વાહનો પાર્ક કરવામાં આવતા લોકોને ખુબ જ તકલીફ પડે છે. રસ્તામાં ભૃગુક્ષેત્રના પુલ પર મોટું ગાબડું પડયું છે તથા પ્રોજેકટ કચેરી આગળ રોડ ઉપર ગાબડા પડેલ છે જે અકસ્માતની રાહ જોઈને ઉભા હોય તેમ લાગે છે. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

ધનસુરામાં ગટરના પ્રશ્ને ગ્રામજનો દ્વારા ચક્કાજામ : તંત્ર દોડતું

ધનસુરા, તા.૮

ધનસુરા નગરમાંથી પસાર થતો નડીયાદ મોડાસા હાઈ-વેના નવીનીકરણમાં ધનસુરા નગરમાં પાકી અને ઉંચી ગટર લાઈન બનાવવામાં આવતા ટ્રાફિકની સમસ્યા ભારે બની છે. જેને લઈ આજે ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ ત્રિવેણીબેન પટેલની આગેવાનીમાં ચક્કાજામનો કાર્યક્રમ યોજાયો હતો

પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરા તાલુકામાંથી નડીયાદ મોડાસા હાઈવેના નવીનીકરણનું કામ પુર જોષમાં ચાલી રહ્યું છે અને માર્ગની નીચેથી પસાર થતી ગટર લાઈનોમાં પાકી અને ઉંચી ગટરો બનાવવામાં આવી છે આથી છેલ્લા કેટલાક સમયથી આ માર્ગ પર દિવસ રાત ભારે ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે અને છાશવારે નાના મોટા અકસ્માતો સર્જાય છે. આથી ધનસુરા ગ્રામ પંચાયતના અગ્રણીઓ દ્વારા અનેક વાર લેખિતમાં રજૂઆતો કરવામાં આવી છે તેમ છતાં આજ દિન સુધી તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારના પગલા લેવાતા નથી. આજે ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ ત્રિવેણીબેન પટેલની આગેવાનીમાં ગ્રામજનોએ ચક્કાજામનો કાર્યક્રમ આપ્યો હતો. જેના અનુસંધાને મોડાસાના આર. એન્ડ. બી.ના અધિકારી અને મામલતદાર તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ મામલે યોગ્ય કાર્યવાહી કરી આ પ્રશ્નને ટૂંકમાં હલ કરી આપવાની ખાત્રી આપી હતી.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

એક માસ પુરો ઈબાદત, બંદકી અને ખેરાતના પવિત્ર રમજાન માસ પુર્ણ થતાં મુસ્લીમ બિરાદરો આજે 'ઈદ ઉલ ફિત્ર'ની ઉજવણી કરશે. સવારે ઈદગાહ અને મસ્જીદોમાં ઈદ ઉલ ફિત્રની નમાજ અદા કર્યા બાદ એક બીજાને ભેટી ઈદ મુબારક પાઠવશે એક બીજાના ઘરે જઈ ખીર અને મીઠાઈ ખાઈ ઈદની શુભ કામનાઓ પાઠવી આનંદ અને ઉલ્લાસથી ઈદની ઉજવણી કરશે સૌને ઈદ મુબારક...

બારોટ, પરમારની પુછપરછ કરવાની અરજી મંજુર કરાઈ

બંની સવારે ૧૧.૦૦ વાગ્યથી સાંજે ૫.૦૦ વાગ્ય સુધી પુછપરછની સીબીઆઈની અરજી મંજુર કરવામાં આવી

અમદાવાદ, તા.૦૮

ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સંકળાયેલા ઉચ્ચ પોલીસ અધિકારી તરૂણ બારોટ અને જે.જી. પરમારની વધુ પુછપરછ માટે તપાસ એજન્સી સીબીઆઈએ સીબીઆઈ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. સીબીઆઈ કોર્ટે સીબીઆઈની અરજી ગ્રાહ્ય રાખી બંને આરોપીઓની સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી પુછપરછ કરવા મજુરી આપી છે.

ઈશરત જહાં અને સાદીક જમાલ એન્કાઉન્ટર કેસમાં સંકળાયેલા ઉચ્ચ પોલીસ અધિકારી તરૂણ બારોટ અને જે.જી. પરમારની ઈશરત જહાં એન્કાઉન્ટર કેસના સંદર્ભમાં પુછપરછ કરવા અર્થે તપાસ એજન્સી સીબીઆઈએ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. તરૂણ બારોટ અને જે.જી. પરમારને ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં ડિફોલ્ટ જામીન મળેલા છે. પણ તેઓ સાદીક જમાલ એન્કાઉન્ટર કેસમાં હાલ જેલના સળિયા પાછળ ધકેલાયેલા છે.

સીબીઆઈએ ઈશરત કેસમાં ડિફોલ્ટ જામીન અરજીમાં બંને આરોપીઓની જરૂર પડે ત્યારે પુછપરછની માંગણી મુકી હતી જે કોર્ટ ગ્રાહ્ય રાખી હતી. સીબીઆઈ દ્વારા દાખલ બંનેઆરોપીઓની વધુપુછપરછ અંગેની અરજીમાં કોર્ટે સીબીઆઈને જેલમાં જઈ બંને આરોપીઓની સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી પુછપરછ કરવાની મંજુરી આપી છે.

સેકટર-૩ના પેન્શનર્સ સભ્યોની ખાસ બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા શહેરના સેકટર-૩ ખાતે રહેતા પેન્શનર સભ્યોની અગત્યની બેઠક તા. ૧૧ ઓગષ્ટ ૨૦૧૩ને રવિવારના રોજ સાંજે ૪ કલાકે સેકટર-૩ના બગીચા ખાતે સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને મળશે. આ બેઠકમાં સંસ્થાના પ્રમુખ, મહામંત્રી, પ્રવરમંત્રી અને અન્ય પદાધિકારીઓ હાજર રહેશે. તેમજ સે-૩ના સર્વે પેન્શનર મિત્રોને આ બેઠકમાં અવશ્ય હાજર રહેવા સંસ્થાના કન્વીનર આર.સી. રાવલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

આખરે યુનિવર્સિટીના કુલપતિ આદેશપાલનું રાજીનામુ લેવાયું

યુનિવર્સિટીના કુલપતિ આદેશપાલ ઉપરાંત ઉપકુલપતિ મુકુલ શાહનું રાજીનામુ પણ લઈ લેવાતા જોરદાર ચર્ચાઓ

અમદાવાદ, તા.૦૮

ગુજરાત યુનિવર્સિટીના વિવાદાસ્પદ કુલપતિ આદેશપાલનું આખરે રાજીનામુ લઈ લેવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. વારંવાર થઈ રહેલા કૌભાંડોના આક્ષેપો અને મનમાની રીતે યુનિવર્સિટીનો વહીવટ ચલાવવાના કારણે શિક્ષણંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કુલપતિ આદેશપાલનું રાજીનામું માંગી લીધુ હોવાનું જાણવા મળી રહ્યું છે આ ઉપરાંત કુલપતિ આદેશપાલનું રાજીનામુ લઈ લેવાતા તેની સાથે જ ઉપકુલપતિ મુકુલ શાહે પણ રાજીનામુ આપી દીધુ હતુ.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીના વિવાદાસ્પદ કુલપતિ આદેશપાલનુ રાજીનામુ લઈ લેવામાં આવ્યું છે. ૩૧ ઓગસ્ટ ૨૦૧૨ના રોજ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પદે નિયુક્તિ બાદ પોતાના ૧૧ મહિનાના કાર્યકાળમાં યુનિવર્સિટીના કુલપતિ આદેશપાલ વારંવાર વિવાદમાં સપડાયા હતા. કુલપતિના બંગલે સ્વીમીંગ પુલ બાંધવો, પોતાની અંગત સિક્યોરીટી મુદ્દે બાઉન્સરો રાખવા, યુનિવર્સિટીના કોન્ટ્રાક્ટરોમાં કૌભાંડોના આક્ષેપો અને ખાનગી સંસ્થાઓ સાથે એમઓયુ કરીને યુનિવર્સિટીની દાનમાં મળેલ જમીન ઉપર ખાનગી કોલેજો ચલાવવાની મંજુરી સહીત અનેક મુદ્દે તેઓ વિવાદમાં સપડાયા હતા. જેના કારણે એક વાર શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આદેશપાલને રૂબરૂ બોલાવીને જવાબ માંગવાની ફરજ પડી હતી. તેમ છતાં આદેશપાલે પોતાની મનમાની રીતે યુનિવર્સિટીનો વહીવટ ચાલુ રાખતા અંતે શિક્ષણમંત્રીએ તેમનું રાજીનામુ લઈ લેવાની ફરજ પડી છે. આ ઉપરાંત યુનિવર્સિટીના રાજીનામાનાં પગલે પોતાનું રાજીનામુ આપી દીધુ છે. ઉલ્લેખનીય છે કે પોતાના ૧૧ મહિનાના કાર્યકાળમાં અનેક મુદ્દે આદેશપાલ વિવાદોમાં રહ્યા હતો. આ ઉપરાંત યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્ય હિમાશું પટેલ દ્વારા તેમના ઉપર કોન્ટ્રાક્ટોની ફાળવણીમાં કૌભાંડો કરાયા હોવાના આક્ષેપો કરાયા હતા. જેના પગલે આદેશપાલે સિન્ડીકેટ સભ્ય હિમાશું પટેલને નોટીસ પાઠવી કાનુની કાર્યવાહીની ધમકી આપી હતી. આ ઉપરાંત પૂર્વ સીન્ડીકેટ સભ્ય દ્વારા આદેશપાલના કૌભાંડ વિરૂદ્ધ ક્રાઈમબ્રાન્ચમાં અરજી કરી તેમની ધરપકડ કરવા માંગ કરી હતી.

પાલનપુર ખાતે ફિલ્ડ રિપોટર્સ પરિવાર દ્વારા શહીદોને શ્રધ્ધાંજલિ અપાઈ

પાકિસ્તાન દ્વારા થયેલા હુમલામાં ગતરોજ ભારતના પાંચ જવાનો શહીદ થઈ ગયા હતા. જે ઘટનાના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ત્યારે પાલનપુર ખાતે પાકિસ્તાની હુમલામાં "માં ભોમ"ને કાજે શહીદ થયેલા પાંચ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પતો કાર્યક્રમ "ફિલ્ડ રિપોટર્સ" પાલનપુરના ઉપક્રમે યોજાયો હતો.

ગતરોજ પણ પુંચ સેકટરમાં ભારતની સીમામાં આતંકીઓ સાથે પાકિસ્તાની જવાનો ઘુસી આવ્યા હતા. જેઓએ ભારતીય આર્મી પર કરેલા ઓચિંતા હુમલાને પગલે ભારતના પાંચ જવાનો શહીદ થયા હતા. જે વીર શહીદોને શ્રધ્ધાંજલિ અર્પતો કાર્યક્રમ પાલનપુર ખાતે યોજાયો હતો. મીડીયાકર્મીઓના યુનિયન "ફિલ્ડ રીપોટર્સ" સહિત

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

રાષ્ટ્રવાદી નાગરીકો દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં બે મીનીટનું મૌન પાળી મીણબત્તી પ્રજવલ્લિત કરી શહીદોને ભાવભીના શ્રધ્ધાસુમન અર્પણ કરાયા હતા.

નગરપાલિકાના પ્રમુખ હસમુખ પટિયાર, પાલનપુર ડી.વાય.એસ.પી મનોહરસિંહ જાડેજા, ફિલ્ડ રિપોટર્સના પ્રમુખ સંજય જોશી, પાલનપુર પાલિકાના નગરસેવક વિજય જોશી, પ્રતાપ જાની, બનાસકાંઠા જીલ્લા ભાજપ મીડીયા સેલના કન્વીનર રૂપસિંહ ચૌહાણ, રોટરી કલબના પ્રમુખ ડો.અશોકભાઈ મહેશ્વરી, જીલ્લા યુવા ભાજપ મહામંત્રી હરેશ ચૌધરી, શહેર યુવા પ્રમુખ જશવંતસિંહ સોલંકી, મહામંત્રી સાગર જાની, દિપક પુરોહિત, પપ્પુભાઈ પ્રજાપતિ, ચંદ્રકાંત રાવલ, અતુલ જોશી, ભુપેન્દ્ર ઓઝા, સુરેશભાઈ રાવલ સહિત પત્રકારમિત્રો અને રાષ્ટ્રવાદી નાગરીકો હાજર રહયા હતા.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

જમ્મુ કાશ્મીરના પુંચ સેકટરમાં પાકિસ્તાન દ્વારા થયેલા હુમલામાં ભારતના પાંચ જવાનો શહીદ થતા સમગ્ર દેશભરમાં પાકિસ્તાનની નાપાક હરકતો સામે રોષ ભડકી ઉઠયો છે. ત્યારે પાલનપુર ખાતે આજે પાલનપુર શહેર યુવા ભાજપ દ્વારા પાકિસ્તાન વિરોધી ઉગ્ર સુત્રોચ્ચાર વચ્ચે પાકિસ્તાનનો રાષ્ટ્રધ્વજ સળગાવવાનો સફળ પ્રયાસ કરાયો હતો.

પાકિસ્તાની સૈનિકોની નાપાક હરકતના સમગ્ર દેશમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ત્યારે પાલનપુર શહેર યુવા ભાજપ પ્રમુખ જશવંતસિંહ વાઘેલા અને મહામંત્રી સાગર જાનીની આગેવાની હેઠળ શહેરના ગુરૂનાનક ચોક ખાતે આજે યુવા ભાજપ ધ્વારા ઉગ્ર દેખાવો યોજવામાં આવ્યા હતા. પાકિસ્તાની વિરોધી નારા સાથે યુવા ભાજપના કાર્યકરોએ પાકિસ્તાનનો રાષ્ટ્રધ્વજ સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસ સાથેના ભારે સંઘર્ષ બાદ યુવા ભાજપના કાર્યકરોએ ચકકાજામ કરતા ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ હતી. જેથી પોલીસે પાંચેક કાર્યકરોની અટકાયત કરી હતી.

દરમિયાન, બીજી બાજુ પોલીસને ચકમો આપી ભાજપના કાર્યકરોએ પાકિસ્તાનના રાષ્ટ્રધ્વજની હોળી કરતા અફરાતફરી મચી ગઈ હતી. જોકે, પોલીસના અથાગ પ્રયાસ છતાં ભાજપના કાર્યકરો પાકિસ્તાનનો રાષ્ટ્રધ્વજને સળગાવવામાં સફળ રહયા હતા. આ કાર્યક્રમમાં જીલ્લા યુવા ભાજપ મહામંત્રી હરેશ ચૌધરી, પ્રદેશ સદસ્ય દશરથસિંહ સોલંકી, પાલનપુર પાલિકા પ્રમુખ હસમુખ પટિયાર, શહેર ભાજપ પ્રમુખ અનિકેત ઠાકર, મહામંત્રી નગીનદાસ મોદી, દલપત બારોટ, પાલનપુર તાલુકા ભાજપ પ્રમુખ દિનેશ મનવર, જયંતીલાલ પટિયાર, યોગેશ પટેલ, સોહન બોરવાલ, પ્રતાપભાઈ જાની સહિતના કાર્યકરો હાજર રહયા હતા. જોકે, પોલીસની વધુ પડતી સખતાઈ સામે યુવા ભાજપના કાર્યકરોએ નારાજગી વ્યકત કરી હતી.

શબ્દાવલી - ૫૧૪૪



આડી ચાવી

૧. ... કરવું, અપમાન કરવું(૪)
૪. ખર્ચ-આવકનુંઅંદાજપત્ર(૩)
૬. વરસાદમાં વસ્તુઓ બચાવવા ઢંકાતું મીણીયા જેવું કાપડ(૪)
૭. ... કરવો, વસ્તુઓ ફેલાવીને મુકવી (૩)
૯. પાણીની ફરફર, વાછટ(૩)
૧૧. એક ધાન્ય, કમોદ (૨)
૧૩. લાતથી મારવું, ... કરવું(૫)
૧૪. ઘરની આગળનો ખુલ્લો ભાગ (૨)
૧૬. રથ પર સવારી કરે તેને... કહેવાય (૨)
૧૭. 'મીટ' શબ્દ ઊંધો (૨)
૧૮. મગ્ન, તલ્લીન (૨)
૧૯. સમારંભ, ઉત્સવ જેવો પ્રસંગ (૩)
૨૧. કશું જ ના આવડે તેવું, ડોબો (૩)
૨૨. ભાંગેલું (૨)

ઊભી ચાવી

૧. ઝૂંટવી લેવું, ... કરી જવું (૩)
૨. ઠગારો, ધૂર્તી જાય તેવો(૩)
૩. તિરાડ (૨)
૪. મોંમા આવેલ દાતનું ચોકઠું (૩)
૫. ... કરવી, ટપારવું (૩)
૮. જર્જરીત કાપડ પર થીંગડા માર્યા હોય તેવું (૬)
૧૦. કરચલી, સળ (૪)
૧૧. જુગટુ (૩)
૧૨. ખટમધુરૂ (૪)
૧૩. સ્વાર્થ, ... હોય તો ગધેડાને પણ... (૩)
૧૫. સોનું, કંચન (૩)
૨૦. ફાયદો, લાભ (૨)

શબ્દાવલી ૫૧૪૩ના જવાબ

આડી ચાવી :- (૧) કુરૂક્ષેત્ર (૩) ખલાસી (૬) સરગમ (૭) કફન (૮) લવ (૯) શ્રીફળ (૧૧) ગપ (૧૩) આમુખ (૧૫) વીતરાગ (૧૭૦ ડમરૂ (૧૯) મહેતલ (૨૦) તપોવન (૨૧) લમણા

ઊભી ચાવી :- (૧) કુપ (૨) ક્ષેત્રફળ (૩) ખરલ (૪) લાગવગ (૫) સીમ (૭) કફ (૯) શ્રીદેવી (૧૦) સમુ (૧૨) પતરૂ (૧૩) આગમન (૧૪) ખડતલ (૧૬) તરાપો (૧૮) મલમ

કંપની સમાચાર

એસ્સાર સ્ટીલ ઈન્ડિયા લિમિટેડના એક્ઝિક્યુટિવ વાઈસ ચેરમેન તરીકે શ્રી ફિરદોસ એ. વાંદરેવાલાની નિમણુંક

એસ્સાર સ્ટીલ ઈન્ડિયા લિમિટેડે આજે જાહેરાત કરી છે કે તા.૧૨ ઓગષ્ટ, ૨૦૧૩થી અમલમાં આવે તે રીતે કંપનીના એક્ઝિક્યુટિવ વાઈસ ચેરમેન તરીકે શ્રી ફિરદોસ એ. વાંદરેવાલાની નિમણુંક કરી છે. શ્રી વાંદરેવાલા એસ્સાર સ્ટીલમાં કન્સ્ટ્રક્શન અને રિયલ એસ્ટેટ ક્ષેત્રની ટોચની કંપની હીરકોમાંથી જોડાઈ રહ્યા છે. તેઓ ત્યાં ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર હતા. તેઓ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ખડગપુરની બી.ટેકની ડીગ્રી અને એક્સએલઆરઆઈ, જમશેદપુરનો બિઝનેસ મેનેજમેન્ટનો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ધરાવે છે. નેતૃત્વ માટે બહુમાન પામેલા શ્રી વાંદરેવાલા ત્રણ દાયકાથી વધુ સમય માટે ટાટા ગ્રુપ સાથે જોડાયેલા હતા. ત્યાં તેમણે વિવિધ પદ ઉપર રહીને નેતૃત્વ પૂરૂં પાડ્યુ હતુ. છેલ્લે તેઓ ટાટા પાવરના મેનેજીંગ ડિરેક્ટર અને ટાટા ટેલિસર્વિસીસના ચેરમેન હતા. તેઓ ટાટા પાવરમાં જોડાયા તે પહેલાં ટાટા સ્ટીલના ડેપ્યુટી મેનેજીંગ ડિરેક્ટર હતા. તેમણે ટાટા સ્ટીલની વૃધ્ધિમાં નોંધપાત્ર ભૂમિકા બજાવી છે. ટાટા ગ્રુપમાંથી તેઓ મોટોરોલા ઈન્ડિયામાં ચેરમેન તરીકે જોડાયા હતા. એસ્સારના ચેરમેન શ્રી શશી રૂઈયા જણાવે છે કે "અમારી સાથે ફિરદોસ જોડાયા છે તેનો અમને આનંદ છે. એસ્સાર સ્ટીલ દેશના આર્થિક વિકાસમાં મોખરાની ભૂમિકા ભજવવા કટિબધ્ધ છે. અમે ભારતને સ્ટીલ ક્ષેત્રે આત્મનિર્ભર કરવામાં અને દેશની વધુ પ્રગતિમાં ફિરદોસના પ્રદાન માટે આશાવાદી છીએ."

બાપુપુરાની પરણિત યુવતીએ ઝાડની ડાળીએ સાડી બાંધી આપઘાત કર્યો

ધનસુરા તાલુકાના બાપુપુરા ગામની પરણિતા યુવતીએ સાસરિયાના ત્રાસથી કંટાળી આહરૂંદની સીમમાં આંબાની ડાળીએ સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર મચી જવા પામી હતી. જે અંગે ધનસુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ધનસુરા તાલુકાના પાંચ કુહાડા ગામની યુવતી રેખાબેનના લગ્ન બાપુપુરામા સંજય સાથે થયા હતા. લગ્ન બાદ થોડા સમય સુધી લગ્ન જીવન ચાલ્યું હતું. અને બંને વચ્ચે ખટપટ શરુ થઈ હતી અને સાથે સાથે પતિ સંજય સાસુ અમરતાબેન, સસરા સુરસિંહે દહેજ બાબતે અવાર નવાર શારીરિક અને માનસિક ત્રાસ આપી મારઝુડ કરવામાં આવી રહી હતી. આથી કંટાળી રેખાબેને આહરૂંદની સીમમાં જઈ આંબાના ઝાડની ડાળીએ સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ભારે ચકચાર મચી જવા પામી હતી.

સર્કલોને વિકસાવવા...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૬-૬ સર્કલોનો સમાવેશ થાય છે. શહેરના માર્ગોની સાથે સર્કલોને પણ નવા નામ આપી આગવી ઓળખથી નવાજવામાં આવ્યા છે ત્યારે સર્કલોના નવા નામ મુજબ તેને વિકસાવવા શહેરની કેટલીક ખાનગી સંસ્થાઓ ઉત્સુક બની છે ત્યારે વિભાગ કક્ષાએથી સર્કલ વિકાસની યોજના અન્વયે આગળની કાર્યવાહી હાથ ધરાય તેવી લાગણી પ્રબળ બની છે.

તારસેવા કેન્દ્ર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વચ્ચે ૨૪ કલાક માટે તારસેવા ઉપરાંત ફેક્ષ, એસ.ટી.ડી. પી.સી.ઓ. બિલ ભરવાનુ કેન્દ્ર વિદેશમાં કોલ કરવાની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાઈ હતી. જ્યારે તા. ૧૫ જુલાઈ વર્ષ ૨૦૧૩ થી તાર વ્યવસ્થા બંધ કરી દેવાઈ છે. આ તબક્કે ડૉ. જીવરાજ મહેતા ભવનમાં કામ કરતા કર્મચારીઓ, આસપાસના રહીશો, બહારગામથી આવતા મુલાકાતીઓ તેમજ ટ્રીબ્યુનલોમાં કેસ માટે આવતા લોકો માટે ૧૨ કલાક માટે આ તમામ સેવા ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા મહામંડળે માંગણી કરી છે. આ મામલે મહામંડળના પદાધિકારીઓ, મયુર વ્યાસ, સી.પી. સોની, નિલેન્દુ વોરા, સુધીર દેસાઈ તેમજ ચંદુજી ઠાકોર સહીતના આગેવાનોએ કેન્દ્ર ચાલુ રાખવા ટેલીકોમ ડિવીઝન તેમજ સામાન્ય વહીવટ વિભાગને રજૂઆત કરી છે.

રિ-સર્વેના સંકેતો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુદ્દે અભ્યાસ જરૂરી છે તેવી સભ્યોની લાગણીને ધ્યાને રાખી તે મુલ્તવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે ઘર વેરીફીકેશનની સાથે સાથે આર્થિક સર્વે તેમજ પાણીની સુવિધાઓ અને અન્ય મુદ્દાઓને આવરી લેતો સર્વે પણ કરવાનો થતો હોઈ સર્વેમાં વધુ કેટલાક મુદ્દાઓ સમાવવા જોઈએ તેવો સભ્યોએ મત વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર શહેરમાં મિલ્કત વેરો લાગુ કરાયાને ત્રણ વર્ષ થવા આવ્યા છે અને ચોથા વર્ષે સામાન્યતઃ રિસર્વે થતો જ હોય છે. આમ સમગ્ર સ્થિતિને ધ્યાને રાખી રિસર્વેમાં બધી જ બાબતોને સમાવવા અને પછી જ આગળ વધવાનો નિર્ણય સભ્યોએ લીધો છે.

રસ દાખવ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેળવવા ચોઈસ નંબર મેળવવાનો વિશેષ ક્રેઝ જોવા મળે છે. જ્યારે ચાર પૈડાના વાહનોની સાથે દ્વી ચક્રી વાહનોમાં પણ પસંદગીના નંબરોની વિશેષ બોલબાલા જોવા મળે છે. આર.ટી.ઓ. કચેરી દ્વારા તાજેતરમાં જ દ્વી ચક્રી વાહનો માટે નવી સીરીઝ શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. જ્યારે જી.જે.-૧૮-સી.ઈ.-ની નવી સીરીઝને અનુલક્ષી પસંદગીના નંબરો મેળવવા માટે ૧૩૨ જેટલા વાહન માલિકોએ અરજી કરી હતી જ્યારે પસંદગીના નંબરો ફાળવવા આજે આર.ટી.ઓ. કચેરીમાં હરાજીની પ્રક્રીયા યોજવામાં આવી હતી.

નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેર નિવિદા નં.૨ સને ૨૦૧૩-૧૪

આથી કાર્યપાલક ઈજનેરશ્રી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ ચેનલ વિભાગ નં.૧, દુર્ગા ઓઈલ મીલ પાછળ, સિંચાઈ ભવન, છાપરીયા રોડ, હિંમતનગર. પીન નં. ૩૮૩૦૦૧. ટેલીફોન નંબર : ૦૨૭૭૨-૨૪૬૬૭૧ દ્વારા ઝેરોક્ષ કામ કરવા માટે ભાવ માંગવામાં આવે છે. તો રસ ધરાવતા ઈસમોને સદર નિવિદાના કામના કોરા ભાવપત્રકો મોડામાં મોડા તા. ૧૪-૮-૨૦૧૩ સુધી ઉપરોક્ત કચેરીએથી મેળવી લેવા જણાવવામાં આવે છે.

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૨૦૫/૨૦૧૩